## IITના બે વિદ્યાર્થીએ સાડા ત્રણ વર્ષમાં જ ડિગ્રી ઈજનેરી પૂર્ણ કર્યુ

અમદાવાદ,ગુરૂવાર

આઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી) ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ ચાર વર્ષનો ડિગ્રી ઈજનેરીનો અભ્યાસ ૩.૫ વર્ષમા પુર્ણ કરી દીધો છે.આઈઆઈટી દ્વારા વિદ્યાર્થીઓને ચાર વર્ષના ૮ સેમેસન્ટરના અભ્યાસક્રમને વિદ્યાર્થી પોતાની ક્ષમતા પ્રમાણે ઈચ્છે તેટલો વહેલો પુરો કરી શકે તેવી છુટ અપાય છે.આઈઆઈટી ગાંધીનગરના ઈલેક્ટ્રિકલ બ્રાંચના બે વિદ્યાર્થીએ ૭ સેમેસ્ટરમાં જ આખો કોર્સ પુરો કરી દીધો છે.આ વિદ્યાર્થીઓને ૨૮મીએ યોજનારા કોન્વોકેશનમાં ડિગ્રી અપાશે.આ વર્ષના આઈઆઈટીના કોન્વોકેશનમાં બી.ઈના ૧૧૨, એમ.ઈના ૯૬, એમએસસીના ૭૮,એમ.એના ૧૪ અને પીએચડીના ૨૪ વિદ્યાર્થીઓને ડિગ્રી અપાશે.

**Title:** Two Students of IIT-Gn completed the degree engineering only in three and a half years
**Source:** Gujarat Samachar (Main, Pg. 2)
**Link:** http://gujaratsamacharepaper.com/epaper.php?edition=Ahmedabad&date=2018-07-27&pageno=2#Article/GUJARAT_AHM_20180727_2_6/151px
**Date:** 27/07/2018